


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 19,(SURAT), DATE-29/10/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૧૯, (સુરત), તા.૨૯/૧૦/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 બીચ પર વાહનો પ્રતિબંધિત હોવા છતા કાર લઈ જવામાં આવી

3 હવે સુગર ફેક્ટરીઓની પિલાણ કામગીરી ૧૫ દિવસ પાછળ ઠેલાશે

4 બારડોલીમાં ૨૪ કલાકમાં ૪.૨૪ ઇંચ વરસાદ:શિયાળામાં સુરત જિલ્લા સહિત રાજયભરમાં વરસાદી માહોલ


## કમોસમી વરસાદથી પાક નુકશાનઃ ઓલપાડ MLAની CMને રજૂઆતઃ ખેડૂતોને યોગ્ય વળતર આપવા માગ

બારડોલી- ઓલપાડ તાલુકામાં કમોસમી વરસાદને કારણે ખેતી પાકને થયેલા નુકશાન માટે ખેડૂતોને યોગ્ય વળતર આપવા પૂર્વ મંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી છે. આ રજૂઆતમાં તેમણે ખેડૂતોની દયનીય સ્થિતિ પર ધ્યાન દોર્યું હતું.

દક્ષિણ ગુજરાત સહિત ઓલપાડ તાલુકામાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદને કારણે ચોમાસુ ડાંગર સહિત અન્ય પાકોને ભારે નુકશાન થયું છે. ખેતરોમાં તૈયાર થયેલો પાક પાણીમાં પલળી જવાથી ખેડૂતોને મોટો આર્થિક ફટકો પડ્યો છે. દર વર્ષે કમોસમી વરસાદ ખેડૂતોના ડાંગરના પાકને નુકશાન પહોંચાડે છે, જેના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ધારાસભ્ય મુકેશ પટેલે પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે, તેમના મતવિસ્તારના ઓલપાડ તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ઓલપાડ તાલુકામાં આશરે ૧૫ થી ૧૮ હજાર હેક્ટર ખરીફ ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે, ઉપરાંત કઠોળ અને શાકભાજીના પાકો પણ લેવામાં આવ્યા છે.



સતત વરસતા કમોસમી વરસાદના કારણે ખેડૂતોએ તૈયાર કરીને બહાર કાઢેલો ડાંગરનો માલ તેમજ ખેતરોમાં ઉભો રહેલો તૈયાર ડાંગર વરસાદમાં પલળી જવાથી મોટા પાયે નુકશાન થયું છે. આ ઉપરાંત, કઠોળ, શાકભાજી અને શેરડીનું વાવેતર કરનારા ખેડૂતોને પણ ઘણું નુકશાન થયું છે. કમોસમી વરસાદના કારણે ઓલપાડ તાલુકા સહિત સમગ્ર ગુજરાતના ખેડૂતોની સ્થિતિ દયનીય બની ગઈ છે. જગતના તાતની આ કફોડી સ્થિતિને ધ્યાનમાં રાખીને, ખેડૂતોને પાક નુકશાનમાં રાહત મળી રહે તે માટે ઝડપથી સર્વે કરાવી યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.


॥ શ્રી સદ્ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292
શ્રીબાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.
મેરીયોટવિલા ની સામે, ઘામળોદ રોડ, બારડોલી


## બારડોલી ફાયર સ્ટેશનથી ને.હા નં ૫૪ ને જોડતો માર્ગ જર્જરિત છતાં મરામત નહી



બારડોલી- બારડોલી નગરના ફાયર સ્ટેશનથી ત્રણ વલ્લાને જોડતા શોટકર્ટ રોડ બનવવામાં આવ્યો હતો. જે ચોમાસા સિઝન દરમિયાન બિસમાર હાલતમાં ફેરવાઈ ગયો છે. રોડ પર ઠેરઠેર ખાડાઓ પડી ગયા છે. છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની મરામત કરવામાં ન આવતાં વાહનચાલકો મુશ્કેલી વેઠી રહ્યાં છે. વહેલી તકે આ આ માર્ગનું મરામત કરવામાં આવે એવી માગ વાહનચાલકો કરી રહ્યાં છે.

બારડોલી ફાયર સ્ટેશનની બાજુમાંથી પસાર થતી મીંઢોળા નદી પર લો લેવલ પુલ બનાવી બારડોલી વ્યારા નેહા નં ૫૪ને જોડતા નવો માર્ગ બનાવવામાં આવ્યો હતો. જેના કારણે વ્યારા, વાલોડ, વાંકાનેર તરફ જતાં લોકોએ ધૂલિયા ચોકડી સુધીનો ચકરાવો મટી જાય છે.

આ શોર્ટકટ રસ્તાનો ઉપયોગ મોટી સંખ્યામાં લોકો કરે છે. દિવસ દરમિયાન ટ્રાફિકનું ભારણ રહેતું હોય છે. ચોમાસાની સિઝનમાં રોડ પર ઠેરઠેર ખાડાઓ પડી ગયા હતાં. જેના કારણે વાહનચાલકોએ ભારે હલાકીનો સામનો કરવો પડે છે. ચોમાસાની સિઝન પૂર્ણ થયા બાદ પણ રોડની મરામત ન કરતાં વાહનચાલકોએ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ઠેરઠેર પડેલા ખાડાથી નાના વાહન ચાલકોને અકસ્માતનો ભય રહેતો હોય છે. વહેલી તકે રોડ બનાવવામાં આવે એવી માગ વાહન ચાલકો કરી રહ્યાં છે. મીંઢોળા નદી પર લો લેવલ પુલ બનાવી શોટકર્ટ રોડ બનાવવામાં આવ્યો છે. જે નાના વાહનચાલકો માટે છે. પંરતુ મોટી સંખ્યામાં ભારેખમ વાહનો પસાર થઈ રહ્યાં છે. જો આ માર્ગ પરથી મોટા વાહનો બંધ કરવામાં ન આવે તો રોડ તૂટવાની અને અકસ્માતનો ભય રહેલો છે. જાગૃત નાગરિક, બારડોલી આ રોડ પરથી રોજ પસાર થઈએ છીએ. ચોમાસુ પૂર્ણ થયું પણ રોડની મરામત કરી નથી. રોડ પર પડેલા ખાડાને કારણે વાહન ચલાવવામાં તકલીફ પડે છે. આ માર્ગ જલદી બનાવાય તો વાહનચાલકોની હાલાકી દૂર થયા તેમ છે.


દારૂ, ગાંજો તથા અન્ય પ્રકારના ડ્રગસના વ્યસન મુક્તિ માટેની સારવાર
Mob. : 89806 64008, 97278 77851
ટીસીટી વ્યસનમુક્તિ કેન્દ્ર
https: //tctrehab.com
tct_rehab
TCT વ્યસન મુક્તિ કેન્દ્ર
એ-૧૬, નિમિત્ત રેસીડેન્સી, ઘામડોદ લુંભા રોડ, બારડોલી.
Mob. : 89806 64008, 99093 74000
ટીસીટી વ્યસનમુક્તિ કેન્દ્ર
https: //tctrehab.com
tct_rehab
ટ્રુ કયોર ટ્રસ્ટ
TCT વ્યસન મુક્તિ કેન્દ્ર
ત્રીજો માળ, બાલાજી પ્લાઝો, ઘામડોદ-કડોદ રોડ, બારડોલી.
Mob.: 898 066 4008
972 787 7851
Coming Soon
૧૦ વર્ષની સફળતા બાદ આધુનિક સુવિધાઓ સાથે...
TCT વ્યસન મુક્તિ કેન્દ્ર
Astan Kharvasa Road , Swara Farm


## તાતીથૈયામાં યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

બારડોલી- કડોદરા GIDC વિસ્તારમાં તાતીથૈયા ગામના પ્રથમ પાર્કમાં વિશાલભાઈની બિલ્ડિંગમાં રહેતા ૪૩ વર્ષીય મુરારીકુમારની લાશ લટકેલી મળી આવી છે.

પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે. ૨૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સવારે મુરારીકુમારે પોતાના રૂમમાં કેસરી રંગના ગમછા વડે સીલિંગ પંખાના હુક સાથે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાની જાણ સવારે ૧૦:૧૫ વાગ્યે થઈ હતી.

મુરારીકુમાર મૂળ બિહારના ભોજપુર જિલ્લાના બબુરા ટોલા, શિવનાયક ગામના વતની હતા. આ ઘટનાની જાણ પોલીસને રાજેશકુમારએ કરી હતી. પોલીસે મૃતકના સાથીઓ અને પરિવારજનોના નિવેદનો લેવાની પ્રક્રિયા શરૂ કરી છે.


ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in
ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808
ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

Date-29/10/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## પોલીસ માત્ર કાયદા માટે નહી, પરંતુ સમાજનો સંવેદનશીલ હિસ્સો પણ છે




વ્યારા- તાપી જિલ્લાના પોલીસ અધિક્ષક જે. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ વ્યારા શહેરમાં પોલીસ વિભાગ દ્વારા માનવતાભર્યું અને સંવેદનાત્મક કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. દિવાળીના પાવન પ્રસંગે વ્યારાના ગરીબ વિસ્તારના બાળકો અને ગરીબ પરિવારો સાથે પોલીસ કર્મચારીઓએ આનંદની દિવાળી ઉજવી હતી.

આ પ્રસંગે પોલીસ અધિક્ષક દેસાઈ અને વ્યારા પોલીસ ઇન્સ્પેક્ટર બી. જી. રાવલ તથા તાપી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના સ્ટાફે બાળકોને ફટાકડા અને મીઠાઈ વહેંચી સૌના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી. નાના બાળકો પોલીસ અધિકારીઓ સાથે રમતાં, હસતાં અને ફટાકડા ફોડતાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

પોલીસ વિભાગની આ પહેલનો હેતુ સમાજના દરેક વર્ગ સાથે નજીકનો માનવતાનો નાતો બાંધવાનો અને તહેવારની ખુશીઓ દરેક સુધી પહોંચે તે હતો. પોલીસ અધિક્ષક દેસાઈએ જણાવ્યું હતું કે પોલીસ માત્ર કાયદો અમલ કરનારી સંસ્થા નથી. પરંતુ સમાજનો એક સંવેદનશીલ હિસ્સો પણ છે. આવા પ્રસંગો દ્વારા અમને નાગરિકો સાથે આત્મીય જોડાણ બાંધવાની તક મળે છે. આ કાર્યક્રમ દરમિયાન પોલીસ કર્મચારીઓએ બાળકોને સ્વચ્છતા, સલામતી અને ફટાકડાઓના યોગ્ય ઉપયોગ અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું. વ્યારા શહેરના વિવિધ વિસ્તારોમાં યોજાયેલ દિવાળી ઉજવણીથી સમાજમાં પોલીસ પ્રત્યેની લાગણી વધુ મજબૂત બની છે.

## પૂર્વ આરોગ્યમંત્રી કાનાણીનો નવા આરોગ્યમંત્રી પાનસેરિયાને પત્ર

## ગુજરાતમાં નકલી ખાદ્ય પદાર્થો અને દવાઓ બનાવતા માફિયાઓ 'બેફામ-ભયમુક્ત'; તમે પ્રામાણિક છો, ભણેલા છો, એટલે કડક કાયદો લાવો



સુરત- ગુજરાતમાં નકલી દવાઓ, ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો અને ડુપ્લીકેટ ઘી-પનીર બનાવતા માફિયાઓ સામે આકરા પગલાં લેવાની માગ હવે સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટીમાંથી જ ઉઠી છે. સુરતની વરાછા વિધાનસભા બેઠકના ધારાસભ્ય કુમાર કાનાણી જેઓ કિશોરકાકા તરીકે જાણીતા છે. તેઓએ ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે, રાજ્યમાં આ માફિયાઓ બેફામ બની ગયા છે અને તેમને કાયદાનો કે સરકારી તંત્રનો કોઈ ડર કે ભય રહ્યો નથી.

ધારાસભ્ય કિશોર કાનાણીએ રાજ્યના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીને આ મામલે કડક કાયદાની જરૂરિયાત સમજાવતો એક પત્ર પણ લખ્યો છે. તેમનો મુખ્ય આક્ષેપ છે કે, માનવ જીવન સાથે ચેડાં કરનાર આ લોકો સામે હાલના કાયદાઓ તદ્દન અપૂરતા છે. આ સાથે જ તેઓએ નવા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાને સંબોધીને કહ્યું કે, તમે પ્રામાણિક છો, ભણેલા છો, એટલે કડક કાયદો લાવો.

ર ધારાસભ્ય કાનાણીએ ખૂબ જ ગંભીરતાપૂર્વક કહ્યું કે, ગુજરાતમાં ડુપ્લીકેટ માલ બનાવનાર માફિયાઓ બેફામ બનીને ધંધો કરી રહ્યા છે. નકલી પનીર, ઘી, ખાદ્ય પદાર્થો અને દવાઓ બનાવનાર માફિયાઓ ભય અને ડર વગરના થઈ ગયા છે. તેમને કોઈ રોકટોક નથી. તાજેતરમાં દિવાળીના તહેવારો પહેલા સુરત સહિત રાજ્યભરમાં પડેલી રેડનો હવાલો આપ્યો હતો. તેમણે કહ્યું કે, મોટા પ્રમાણમાં નકલી દવાઓ, ભેળસેળ યુક્ત ખાદ્ય પદાર્થો અને પનીરનો જથ્થો મળી આવ્યો છે. સુરતમાંથી જ ૯૦૦૦ કિલો નકલી ઘી મળી આવ્યું. આ ઘી ક્યાં ગયું? આ પનીર ક્યાં ગયું? ભાજપના ધારાસભ્યએ વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, નકલી વસ્તુઓ બનાવનાર લોકો સામે કોઈ ઠોસ કાર્યવાહી થતી નથી. બે-પાંચ કે ૨૫ હજાર રૂપિયાનો દંડ થાય છે અને આ લોકો છૂટી જાય છે. આ માફિયાઓને રોકવા માટે કોઈ કડક કાયદો કે કાનૂન જ નથી, તેવું કાનાણીએ ભારપૂર્વક જણાવ્યું.

તેમણે ઉમેર્યું કે, ફૂડ અને ડ્રગ્સ વિભાગ આ માફિયાઓ સામે લડવામાં લાચાર સાબિત થઈ રહ્યો છે. જ્યાં સુધી માનવ જીવન સાથે આ રીતે ચેડાં થાય ત્યાં સુધી તેને ચલાવી લેવાય નહીં.

## કાર્યકાળના પ્રથમ દિવસે જ મંત્રી પ્રફુલ પાનશેરીયાની સરપ્રાઇઝ વિઝીટ:આરોગ્ય વિભાગમાં મેગા સ્વચ્છતા અભિયાનની જાહેરાત, ખોરાકમાં ભેળસેળ કરનાર સામે કડક કાર્યવાહી થશે




રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ (રાજ્ય કક્ષા સ્વતંત્ર હવાલો) મંત્રી પ્રફુલ પાનશેરીયાએ કાર્યકાળના પ્રથમ દિવસે જ આરોગ્ય વિભાગની કચેરીમાં અચાનક મુલાકાત લીધી. મંત્રીએ અધિકારીઓ અને કર્મચારીઓને લોકસેવાના ભાવથી માનવતા અને આધ્યાત્મિકતા સાથે કાર્ય કરવાની પ્રેરણા આપી હતી.

મંત્રીએ વિવિધ શાખાઓની મુલાકાત લઈને તંત્રની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આરોગ્ય વિભાગે કોરોના જેવી મહામારી દરમિયાન પ્રશંસનીય કામગીરી કરી હતી. હવે આગામી સમયમાં તંત્ર નવી સંશોધનાત્મક કામગીરી અને ટેગ મેનેજમેન્ટ પર ખાસ ધ્યાન આપશે. પ્રફુલ પાનશેરીયાએ ખોરાકમાં ભેળસેળ કરનાર તત્વોને ચેતવણી આપતાં કહ્યું કે, ખોરાકમાં ભેળસેળ કરનાર કોઈને પણ બક્ષવામાં નહીં આવે. આવા લોકો સામે કડક કાર્યવાહી થશે. મંત્રીએ એ પણ જણાવ્યું કે આગામી દિવસોમાં આરોગ્ય વિભાગના તમામ સ્તરે સિવિલ હોસ્પિટલ, સી.એસ.સી., પી.એચ.સી. અને અન્ય આરોગ્ય કેન્દ્રો પર મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે, જેથી સ્વચ્છતા અને આરોગ્ય બંનેમાં સુધારો થાય. આ વિઝીટ દરમિયાન અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી, આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) ડો. રતનકંવર ગઢવીચરણ, આરોગ્ય કમિશનર (શહેર) હર્ષદ પટેલ સહિત આરોગ્ય વિભાગના અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતમાં બિહારીઓના સૌથી મોટા પર્વની ભવ્ય ઉજવણી

## CMભૂપેન્દ્ર પટેલ અને C.R. પાટીલે છઠ મહાપૂજામાં ભાગ લીધો, અમદાવાદમાં ૧.૩૦ લાખ લોકોએ છઠી મૈયાની પૂજા કરી



સુરત- ગુજરાતમાં વસતા બિહારીઓનો સૌથી મોટો પર્વ છઠ મહાપૂજાની ઉજવણી અમદાવાદ, સુરત અને વડોદરા સહિતના શહેરોમાં ભવ્ય રીતે કરવામાં આવી. હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ, ખાસ કરીને મહિલાઓએ, નદીઓ અને કૃત્રિમ તળાવના કુંડમાં ઊભા રહીને સૂર્યદેવને અર્ધ્ય અર્પણ કર્યું હતું. અમદાવાદમાં CM એ જયારે સુરતમાં સી. આર. પાટીલે કાર્યક્રમમાં હાજરી આપીને બિહારીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છઠ મહાપૂજાના કાર્યક્રમ સ્થળે પહોંચીને દીપ પ્રાગટ્ય કર્યું હતું અને કાર્યકરો સાથે છઠી મૈયાની આરતીમાં સહભાગી થયા હતા. તેમણે જણાવ્યું હતું કે, ભારત એક ઉત્સવ પ્રિય દેશ છે અને છઠ પૂજા એક અનોખો પર્વ છે જેમાં આથમતા સૂર્યની પણ પૂજા કરવામાં આવે છે. અમદાવાદમાં જગતપુર, ત્રાગડ રોડ, ચાંદખેડા અને ડિકેબિન જેવા વિસ્તારોના બિહાર સમાજના લોકો માટે ગોદરેજ ગાર્ડન સિટી નજીક પૂજા ઘાટ બનાવવામાં આવ્યો હતો, જેથી શ્રદ્ધાળુઓને સાબરમતી નદીના ઇન્દિરા બ્રિજ સુધી જવાની જરૂર ન પડે. પૂર્વ વિસ્તારમાં પણ રામોલ જામફળવાડી અને કેવડાવાડી ખાતે બિહારના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા. આ કાર્યક્રમમાં અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ અને એસ. જે. હૈદર પણ હાજર રહ્યા હતા. અમદાવાદ શહેરના ઇન્દિરા બ્રિજ નીચે વર્ષોથી છઠ પૂજાને લઈને આયોજન કરવામાં આવતું હોય છે. ત્યારે આ વર્ષે પણ કોર્પોરેશન દ્વારા છઠ પૂજાનું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બિહારના લોકો છઠી મૈયાની પૂજા કરવા પહોંચ્યા હતા, પરંતુ આ વર્ષે વરસાદ હોવાને કારણે થોડી અવ્યવસ્થા થઈ હતી. લોકોને પૂજા કરવામાં તકલીફ પડી હતી.

## વ્યારામાં ઘરના તાળાં તોડી ૨૭ લાખના દાગીનાની ચોરી



**વતન બોરવાઇ ગામે ગયા હતા ત્યારે અજાણ્યા ચોરોએ તેમના ઘરે તાળા તોડી અંદર પ્રવેશ કરી બેડરૂમના કબાટના લોકર તોડી ૨૭.૫૮ લાખના સોનાં-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થયા**

વ્યારા- વ્યારા નગર ની વચ્ચે ભરચક વિસ્તારમાં રહેતા એક પરિવાર દિવાળીમાં વતન ગયા હતા તે દરમિયાન રાત્રે ઘરમાં આગળ નો દરવાજો ખોલી અંદર ઘૂસી અજાણ્યા ચોરો દ્વારા કબાટો ને તોડી અંદર મૂકેલા વિવિધ સોના ચાંદી ના ઘરેણા અંદાજિત રૂ. ૨૭.૫૮ લાખના ચોરી કરી પલાયન થઇ ગયા હતા.

વ્યારા નગર ના તળાવ રોડ નજીક આવેલા અભિષેક રોહાઉસ વિસ્તારમાં મોટી ચોરીની ઘટના ઘટી છે. રમેશભાઈ ગણપતરામ જોષી (ઉંમર ૫૪) તેમના પરિવાર સાથે વતન બોરવાઇ ગામે ગયા હતા ત્યારે અજાણ્યા ચોરોએ તેમના ઘરે તાળા તોડી અંદર પ્રવેશ કરી બેડરૂમના કબાટના લોકર તોડી ૨૭.૫૮ લાખના સોનાં-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થયા હતા.

તારીખ ૨૧ ઓક્ટોબરના રોજ બપોરે જોષી પરિવાર પોતાના વતન બોરવાઇ ગામે જવા માટે ઘરને તાળું મારી નીકળ્યો હતો. તા. ૨૪ ઓક્ટોબરની વહેલી સવારે પડોશી દર્શનાબેન ઢીમ્મરે ફોન કરી જણાવ્યું કે તેમના ઘરના દરવાજા ખુલ્લા છે અને ચોરી થયેલી લાગે છે. જાણ થતાં જ પરિવાર વ્યારા પરત ફર્યો હતો અને બપોરે ઘેર પહોંચી જોયું તો મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું અને ઘરના બેડરૂમમાં કબાટ ખૂલી પડેલા હાલતમાં હતા.

ચોરોએ લોખંડના તેમજ ફર્નિચરના કબાટમાંથી જુના સોનાના દાગીના, ચાંદીની તુલસી માળા, મંગળસૂત્ર, સેટ, પાટલા, વિંટી, ચેન, બુટી, પેંડલ અને ચાંદીના ઝાંઝર સહિત કુલ રૂ. ૨૭ લાખ ૫૮ હજાર જેટલાં કિંમતી દાગીનાની ચોરી કરી લીધી હોવાનું જોષી પરિવારએ જણાવ્યું હતું.આ બનાવની જાણ થતા વ્યારા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. ચોરી કરનાર અજાણ્યા ઇસમો વિરુદ્ધ ગુનો દાખલ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ઓલપાડ સાયણ ખાતે 'પહલ સોલાર' પ્રોજેક્ટનું ભૂમિપૂજન

### ૨ ગીગાવોટ ઉર્જા ઉત્પાદન લક્ષ્ય, મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન




ઓલપાડ- ઓલપાડ સાયણ ખાતે 'પહલ સોલાર' પ્રોજેક્ટના બીજા તબક્કાનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ દ્વારા ૨ ગીગાવોટ ઉર્જા ઉત્પાદનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જે વડાપ્રધાનના 'મેક ઇન ઇન્ડિયા' અભિયાનને વેગ આપશે.

આ સોલાર પ્રોજેક્ટ અંતર્ગત આગામી સમયમાં મેન્યુફેક્ચરિંગ મોડ્યુલ સ્થાપિત કરવામાં આવશે. તેમાં સેલ મેન્યુફેક્ચરિંગ તેમજ ફ્રેમ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સનો સમાવેશ થશે. પ્રોજેક્ટના સંચાલકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ નવા પ્લાન્ટ દ્વારા સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઊભી થશે. આ ઉપરાંત, ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પર્યાપ્ત ઉર્જા મળી રહેશે.

## ગાંજા માફિયાના ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર ફરી વળ્યું



સુરત- સુરત શહેરમાં માદક દ્રવ્યોના દૂષણને ડામવા માટે કાપોદ્રા પોલીસે અત્યાર સુધીની સૌથી સખત કાર્યવાહી કરી છે. ગાંજાના ગેરકાયદેસર વેચાણમાં સંડોવાયેલા અને અનેક ગુનાઓનો ઇતિહાસ ધરાવતા એક કુખ્યાત અસામાજિક તત્ત્વ અને ગાંજા માફિયાએ સરકારી જમીન પર બનાવેલ ગેરકાયદેસર બાંધકામને તોડી પાડવામાં આવ્યું છે.

પોલીસ દ્વારા જેના ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર ચલાવવામાં આવ્યું છે, તે આરોપીનું નામ હિંમત શામજીભાઈ હડિયા (ઉ.વ. ૩૬) છે. હિંમત હડિયા સામે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનાઓ નોધાયેલા છે. આ માફિયાનું નેટવર્ક એટલું બેફામ હતું કે, તે કાપોદ્રા ચાર રસ્તા પાસે સરકારી જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ ઊભું કરીને, તેને ગાંજાના ગેરકાયદેસર વેચાણ માટેના અડ્ડા તરીકે ઉપયોગ કરતો હતો. તે બહારના માણસોને બોલાવીને આ ગેરકાયદેસર બાંધકામમાં ગાંજાનું વેચાણ કરાવતો હતો.

પોલીસ ઇન્સ્પેક્ટર એમ. બી. ઔસુરાના નેતૃત્વ હેઠળની ટીમે 'નો ડ્રગ ઇન સુરત' અભિયાન અંતર્ગત આ ગાંજા માફિયાની સમગ્ર પ્રવૃત્તિઓની માહિતી એકઠી કરી. તપાસમાં બહાર આવ્યું કે, હિંમત હડિયા માત્ર NDPS એક્ટ જ નહીં, પણ મારામારી અને ખંડણી જેવા ગંભીર ગુનાઓમાં પણ સંડોવાયેલો હતો. પોલીસે ખાસ કરીને તેના ગેરકાયદેસર બાંધકામ પર ધ્યાન કેન્દ્રિત કર્યું,

## બીચ પર વાહનો પ્રતિબંધિત હોવા છતા કાર લઈ જવામાં આવી, ક્રેઈનની મદદ લેવી પડી



સુરત- સુરતના પ્રખ્યાત ડુમસ બીચ પર વાહનો લઈ જવા પર સખ્ત પ્રતિબંધ હોવા છતાં, કેટલાક ધનવાન લોકો નિયમોનો ભંગ કરીને દરિયાકિનારે લક્ઝરી વાહનો ચલાવવાનો મોહ છોડી શકતા નથી. આ બેદરકારીનું પરિણામ ફરી એકવાર જોવા મળ્યું છે, જ્યાં એક મોંઘીદાટ મર્સિડીઝ કાર દરિયાની રેતીમાં ખરાબ રીતે ફસાઈ ગઈ હતી અને લગભગ ૬૦ ટકા જેટલી પાણીમાં ડૂબી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ડુમસ બીચ પર એક લાલ રંગની મર્સિડીઝ કાર બીચના કિનારે રેતીમાં ઊંડે સુધી ઉતરી ગઈ હતી. અચાનક દરિયાના પાણીનો પ્રવાહ વધતા કાર રેતીમાં ધસી ગઈ અને દરિયાના મોજાંના મારને કારણે કારનો પાછળનો ભાગ, લગભગ ૬૦ ટકા જેટલો, પાણીમાં ડૂબી ગયો હતો. પાણીનો ફોર્સ એટલો જોરદાર હતો કે કારની પાછળની ડીકી પણ ખૂલી ગઈ હતી.

કાર ફસાઈ જતાં તેના માલિક કે ડ્રાઈવર દ્વારા તેને બહાર કાઢવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. આખરે, કારને બહાર કાઢવા માટે વિશાળ કાય ક્રેન મંગાવવાની નોબત આવી હતી. ક્રેનની મદદથી દરિયામાં ફસાયેલી આ મોંઘી કારને રેતીમાંથી બહાર કાઢીને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવી હતી.

આ બનાવની જાણ થતાં ડુમસ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાર ના આધારે તેના માલિક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીચ પર વાહનો લઈ જવાના પ્રતિબંધનું ઉલ્લંઘન કરવા બદલ માલિક સામે નિયમોનુસાર દંડ અથવા અન્ય પગલાં લેવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ડુમસ બીચ પર અગાઉ પણ અનેકવાર લક્ઝરી કાર અને એસયુવી લઈને આવેલા લોકોની ગાડીઓ રેતીમાં ફસાઈ જવાની ઘટનાઓ બની ચૂકી છે, છતાં નિયમોના ધજાગરા ઉડાવવાનું યથાવત રહેતા પ્રશાસનની ચિંતા વધી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

# ઇશ્વર પાસે માગણી કે ઇશ્વરની છેતરપીડી!



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

આ ધરતી પર વસતા માનવીએ પોતાની ચિંતાનો ખ્યાલ કર્યો છે, પણ એણે ક્યારેય ઇશ્વરની ચિંતાનો વિચાર કર્યો નથી. માણસ પોતાની ચિંતાઓમાં જ એટલો ગળાડૂબ હોય છે કે એમાંથી ઊંચે જોવાની એને ફુરસદ હોતી નથી, તો પછી ઇશ્વરની ચિંતાની પારકી પંચાત ક્યાંથી વહોરે ? પણ આજે આપણે એવી 'પારકી પંચાત' એ માટે કરવી છે કે જેથી ઇશ્વર સાથે આપણો સંવાદ સધાય અને આપણી ગોષ્ઠિ આગળ ચાલે.

જનસામાન્યની માન્યતા એ છે કે ઇશ્વર રાત-દિવસ આપણને જુએ છે, આપણાં કાર્યોને નિહાળે છે, આપણાં સત-અસત ભાવોથી ભરેલા વર્તનને નીરખે છે. પણ ના. માત્ર આ બધું જોવા ઉપરાંત ઇશ્વર એક બીજો વિચાર કરે છે : માણસને કૂડ-કપટ કરતો જુએ, સત્કર્મ કે દુષ્કર્મ કરતો જુએ, પ્રેમ કે પ્રપંચ કરતો જુએ, ત્યારે એ માત્ર દ્રષ્ટા બનીને અટકી જતો નથી. આપણાં સત્કાર્યો વખતે એના ચહેરા પર આનંદ પ્રગટે છે અને આપણાં દુષ્કૃત્યો સમયે એના મુખ પર ગ્લાનિની રેખાઓ ફરી વળે છે. આ બધું નીરખતાં નીરખતાં ઇશ્વર વિચારે છે કે આની પાછળ આપણો હેતુ અને પ્રયોજન શું છે ? ક્યો વિચાર, કઈ ઇચ્છા, લાલસા કે ઝંખના આપણા આ કાર્યોની પાછળ રહેલાં છે ? આપણે શું કરીએ છીએ એની સાથે એને ઝાઝી નિસબત નથી, પરંતુ આપણે શા માટે આમ કરીએ છીએ એની એને ફિકર હોય છે.

આપણાં કાર્યો પાછળના પ્રેરકબળ વિશે એ ગંભીર ચિંતન કરતો હોય છે. કોઈ અશુભ, અનિષ્ઠ કે અવિવેકી કાર્ય થઈ જાય તો એની પાછળ ક્યા હેતુ રહેલા છે. એને વિશે ઇશ્વર વિચારતો હોય છે. આથી જ જૈન આગમ 'શ્રીદશવૈકાલિકસૂત્ર'ના આઠમા અધ્યાયના એકત્રીસમાં શ્લોકમાં કહ્યું છે,

'જાણતાં કે અજાણતાં કોઈ અધર્મ કાર્ય થઈ જાય તો પોતાના આત્માને એમાંથી તરત હઠાવી લેવો. ત્યાર પછી બીજી વાર એવું કાર્ય ન કરવું.'

આનો અર્થ એવો કે અજાણતાં પણ કોઈ ખોટું કામ થઈ જાય, તો તેનો પશ્ચાત્તાપ કરવો. એ તો સાવ સરળ ગણિત છે કે કોઈ અનિષ્ટ કાર્ય કર્યું હોય તો એનું પરિણામ અનિષ્ટમય આવે, પરંતુ બાહ્ય દૃષ્ટિએ કાર્ય ઉમદા દેખાતું હોય પરંતુ એની પાછળનો હેતુ મલિન હોય તો તેનું પણ વળતર ચૂકવવું પડે છે. સાધ્ય ગમે તેટલું ઉમદા હોય, પણ સાધન યોગ્ય ન હોય તો તે અનિષ્ટકારક જ ગણાય. મહાત્મા ગાંધીજીએ આ વિષયમાં એમના પ્રથમ પુસ્તક 'હિંદ-સ્વરાજ'માં માર્મિક રીતે વાત કરી છે. એમણે લખ્યું 'તમે માનો છો તેમ સાધન અને સાધ્ય-મુરાદ-વચ્ચે સંબંધ નથી તે બહુ જ મોટી ભૂલ છે. એ ભૂલથી, જે ધર્મિષ્ઠ માણસો ગણાયા છે, તેઓએ ઘોર કર્મ કર્યાં છે. એ તો કડવીનો વેલો વાવી તેમાંથી મોગરાના ફૂલની ઇચ્છા રાખવા જેવું થયું. મારે દરિયો ઓળંગવાનું સાધન વહાણ જ હોઈ શકે. જો ગાડું પાણીમાં ઝંપલાવું તો ગાડું અને હું બંને તળિયે જઈએ. જેવા દેવ તેવી પૂજા એ બહુ વિચારવા જેવું વાક્ય છે. તેનો ખોટો અર્થ કરી લોકો ભરમાયા છે. સાધન એ બીજ છે, અને સાધ્ય મેળવવાનું એ ઝાડ છે. એટલે જેટલો સંબંધ બીજ અને ઝાડ વચ્ચે છે તેટલો સાધન અને સાધ્ય વચ્ચે છે. સેતાનને ભજીને હું ઇશ્વરભજનનું ફળ મેળવું એ બનવાજોગ નથી. એમ કહેવું કે આપણે તો ઇશ્વરને જ ભજવો છે, સાધન ભલે સેતાન હોય એ તો તદ્દન અજ્ઞાાનની વાત છે. જેવી કરણી તેવી પારઉતરણી હોય છે.'

મહાત્મા ગાંધીજીએ સાધનની શુદ્ધિ પર ભાર મૂક્યો છે. જેટલું મહત્વ સાધ્યનું છે તેટલું જ મહત્ત્વ સાધનનું છે. આઝાદીનો હેતુ હોય, પરંતુ એની પ્રાપ્તિ માટે હિંસાનો માર્ગ હોય તો તે સ્વીકાર્ય નથી. પરિણામે કોઈ ઉત્તમ કાર્ય માટે બદઇરાદાનો આશરો લીધો હોય, તો તે પણ હાનિકારક છે.

ઇશ્વરને આ લોકમાં સૌથી મોટી ચિંતા માનવીના પરલોકના જવાબની છે. પરલોકમાં એને એણે પોતાના પૃથ્વીલોકના જીવનમાં શું કર્યું એવા સવાલો પૂછવામાં આવતા નથી, કારણકે એણે કરેલાં કાર્યોનો સરવાળો તો ક્યારનોય ગણાઈ ચૂક્યો હોય છે, એનો ઓડિટેડ એકાઉન્ટ પણ તૈયાર થઈ ગયો હોય છે. જીવન પૂરું થતાં એના સત્કર્મ અને દુષ્કર્મના હિસાબનું કાર્ય તો થઈ ચૂક્યું છે. હવે એમાં કોઈ નવું કાર્ય કરવાનું રહેતું નથી. વળી કર્મ પ્રમાણે વ્યક્તિની ગતિ પણ નિર્ધારિત થઈ ચૂકી હોય છે.

# આપ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ માવઠાથી ખેડૂતોને થયેલા નુકસાન પર સર્વે કરવા અને સહાય ચુકવવા કરી માંગણી

## ખેડૂતો માથે આવેલી આસમાની આફતના કારણે આખે આખી મગફળીની ફસલ બરબાદ થઈ ગઈ છે : ઈસુદાન ગઢવી



ગાંધીનગર- આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ માવઠાના કારણે ખેડૂતોને થયેલા નુકસાન પર પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ખેડૂતો ઉપર વારંવાર ધરતી પરથી આકાશમાંથી આફત આવ્યા કરે છે. અત્યારે સમગ્ર ગુજરાતમાં માવઠાની અસર છે. માવઠાના કારણે ખેતરોમાં મગફળીઓ પલળી ગઈ છે. આખે આખી મગફળી ની ફસલ બરબાદ થઈ ગઈ છે. અત્યારે ખેડૂતને પોતાનું ઘર ચલાવવાનું છે, બાળકોની ફી ભરવાની છે ત્યારે તેમની ઉપર આસમાની આફત આવી પડી છે. ભાજપના લાભાર્થીઓ એપીએમસીમાં કડદા કરે છે.

વર્ષ ૨૦૧૮થી ગુજરાતમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના બંધ છે. વર્ષ ૨૦૧૮-૧૯ ના આપણા છ થી સાત કરોડ રૂપિયા હજુ લેવાના બાકી છે. ભાજપવાળા ફસલ બીમા યોજનાના રૂપિયા ખાઈ ગયા છે. કોઈપણ પ્રકારની સહાય ખેડૂતોને આપવામાં આવતી નથી તો પણ ભોળા ખેડૂતો ભાજપને મત આપીને આવશે. જ્યારે આ ખેડૂતોની હાઇ ભાજપને લાગશે ત્યારે તેમની લંકા સળગી જશે. હું સરકારને વિનંતી કરું છું કે તાત્કાલિક ધોરણે સર્વે કરવામાં આવે અને જે પણ ખેડૂતોને નુકસાન થયું છે એમને સહાય ચૂકવવામાં આવે. હું તમામ લોકોને પણ વિનંતી કરું છું કે આ વિડીયો વધુમાં વધુ લોકો સુધી શેર કરો આ ગુજરાતના લાખો ખેડૂતોનો સવાલ છે. આજે ખેડૂતો માટે લડતા અમારા ઘણા ખેડૂત આગેવાનો જેલમાં છે તેમને દિવાળી જેલમાં કરી છે. મને વિશ્વાસ છે કે હવે ખેડૂત જાગૃત થશે અને તેમનો આત્મા જાગશે. આજથી અમારી આમ આદમી પાર્ટીની ટીમ દરેક એપીએમસીમાં જવાની છે. જે પણ એપીએમસીમાં ગરબડ થઈ રહી છે ત્યાં હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે. રોજના અમને ૪૦૦થી ૫૦૦ ફરિયાદ માટે ફોન આવે છે એટલે ભાજપના પેટમાં તેલ રેડાયું છે. આમ આદમી પાર્ટીના પાંચ થી સાત યુવાનો આખી સરકારને ધ્રુજાવી રહ્યા છે. અમે એટલા માટે ધ્રુજાવીએ છીએ કારણકે અમે સત્યની સાથે છીએ અને અમારી સાથે ઈશ્વર પણ છે. અમે અંદર અને બહારથી મજબૂત છીએ અમે લડવાની તાકાત ધરાવીએ છીએ અમે કોઈનાથી ડરતા નથી એટલા માટે જ આજે સરકારે મંત્રીમંડળ બદલવું પડ્યું છે.

તમારા ગામમાં રસ્તા નથી બની રહ્યા, તમને હેલ્મેટ ના નામે લૂંટવામાં આવે છે, તમને પાક વીમો નથી મળી રહ્યો, તમને પાકના ભાવ નથી મળી રહ્યા, તમારા બાળકોને સારા શિક્ષકો નથી મળી રહ્યા, તમને સારી આરોગ્ય સુવિધાઓ નથી મળી રહી તો તમારે વિસાવદરવાળી કરવાની જરૂર છે. હવે તમારે એક જ વસ્તુ યાદ રાખવાની છે કે ભાજપને લાત મારવાની છે અને આમ આમ આદમી પાર્ટીને લાવવાની છે. ૩૦ વર્ષ પહેલા ભાજપ સરકારમાં કોંગ્રેસના ૩૦ વર્ષ પૂર્ણ થયા પછી ભાજપ સત્તામાં આવી હવે પરિવર્તન લાવવાની જરૂર છે. આજે ભાજપ પાસે શનિષ્ઠ કાર્યકર્તાઓ નથી હવે ભાજપ લાભાર્થીઓની ગેંગ બની ગઈ ર છે. ભાજપ પોતાના સ મળતીયાઓને કોન્ટ્રાક્ટ ક આપીને લાભ મેળવે છે. આજે ભાજપ લોકોને ડરાવી રહી છે. લોકો આમ આદમી પાર્ટીની સભામાં જાય છે તો તેમને ડરાવવામાં આવે છે હું તમને બધાને કહેવા માગું છું કે તમારા અંદરથી ડરને કાઢી નાખો. ભાજપના જૂના કાર્યકર્તાઓ આજે રોષ ઠાલવી રહ્યા છે.

આજે અમે સારા છીએ ૩૦ વર્ષ પછી અમારી પણ સરકાર તમે બદલી નાખજો. ચૂંટણીના દિવસે તમે જાઓ ત્યારે મોદીના નામના બે નારા બોલી નાખજો પરંતુ બટન દબાવતી વખતે ઝાડુનું બટન દબાવી દેજો બધી જ ગંદકી સાફ થઈ જશે.

**તમારા ગામમાં રસ્તા નથી, હેલ્મેટના નામે લૂંટવામાં આવે, પાકના ભાવ નથી મળતા, બાળકોને સારા શિક્ષકો નથી, સારી આરોગ્ય સુવિધાઓ નથી તો વિસાવદરવાળી કરી નાંખો : ઈસુદાન ગઢવી**

# તહેવારમાં ૧૦૮ ઇમરજન્સીને મળ્યા ૨૦% વધુ કોલ



**બારડોલી-** દિવાળીના દિવસોમાં લોકો આનંદ ઉત્સાહના મુડમાં હોય છે. આ દરમિયાન લોકોની થોડી ગફલત અકસ્માતને આમંત્રણ આપી બેસે છે. માટે જે અકસ્મતમાં લોકોને સમયસર સારવાર મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યૂલન્સ હંમેશા વાર તહેવારે ખડે પગે સેવા આપે છે.

આ વર્ષે પણ દિવાળીના તહેવારોમાં ૧૦૮ ઇમરજન્સી સેવાઓએ ખડેપગે સેવા આપી હતી. જે સામાન્ય દિવસ કરતાં ૨૦ ટકા વધુ કોલ આવ્યા હતાં. જેમાં સૌથી વધુ કોલ પડી જવાથી ઈજા થવાના આવ્યા હતાં. દિવાળીનો તહેવાર આનંદ ઉત્સાહ અને પ્રકાશનો પર્વ તરીકે ઉજવવામાં આવે છે. સૌથી વધુ દિવાળીમાં સૌ કોઈ આનંદ અને ઉત્સાહમાં મસ્ત હોય છે. પણ આ આનંદ વચ્ચે થોડો બેદરકાર પળોમાં અકસ્માતો બની જાય છે.

એવામાં લોકોને સમયસર સારવાર મળી રહે તે માટે ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવા હંમેશની જેમ આ વર્ષે પણ તહેવાર દરમિયાન ખડેપગે ફરજ પર રહી હતી. સુરતમાં ૧૦૮ની ૬૪ એમ્બ્યૂલન્સ કાર્યરત છે. જેમાં ૨૮૦ જેટલો સ્ટાફ કાર્યરત છે. દિવાળીના તહેવારમાં દર વર્ષે અકસ્માતની ઘટના વધુ બનતાં ઇમરજન્સી કોલ વધુ આવતા હોય છે.

ચાલુ વર્ષે દિવાળીના તહેવારમાં સૌથી વધુ પડવાથી ઈજા થવાના બનાવો વધ્યા છે. જેમાં સામાન્ય દિવસ કરતાં ૪૭ ટકાનો વધારો નોંધાયો છે. સામાન્ય દિવસમાં ૬૫ કોલ આવે છે, જ્યારે દિવાળીના પર્વમાં ૯૭ કોલ આવ્યા હતાં. જ્યારે વાહનને કારણે અકસ્માતના બનાવમાં ૪૦ ટકા વધારો નોંધાયો છે. સામાન્ય દિવસમાં ૫૭ કોલ આવતાં હોય છે. જ્યારે દિવાળીમાં ૮૫ કોલ એટન્ડ કર્યાં હતાં. તહેવારના સમયમાં લોકો ઉત્સાહમાં વાહન ધીમું ચલાવવાની, સાવચેતી રાખવાની અને નાની બાબતોમાં ધ્યાન રાખવાની જરૂર છે. વધુમાં વધુ ૧૦૮ ઇમરજન્સી સેવાનો ઉપયોગ કરવો. જેથી દર્દીને તુરંત અને પૂરતી સારવાર મળતાં જીવન બચી શકાય.

**ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે**
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

# હવે સુગર ફેક્ટરીઓની પિલાણ કામગીરી ૧૫ દિવસ પાછળ ઠેલાશે



**બારડોલી-** છેલ્લ ત્રણ વર્ષથી ગ્લોબલ વોર્મિંગની અસરને લઈ દક્ષિણ ગુજરાતમાં સુગર ફેક્ટરી શરૂ થવાના સમયે જ માવઠું થવાને લઈ પિલાણ સિઝન ઉપર અસર થઈ રહી છે. ચાલુ વર્ષ દરમિયાન પણ છેલ્લા ત્રણ દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે, અને વરસાદ ચોમાસા સિઝનમાં પડે તે પ્રમાણે પડતો હોવાને કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે.

આવી પરિસ્થિતિમાં ખેતરન આંતરિક રસ્તાથી લઈ તમામ વ્યવસ્થાઓ ખોળવાય જતાં ૧ નવેમ્બરે શરૂ થનાર પિલાણ સિઝન ૧૫ દિવસથી વધુ સમય સુધી લંબાય તેવી શક્યતા છે. અને આ પણ જો વરસાદ બંધ રહે તો જ ૧૫ દિવસ પછી પિલાણ સિઝન શરૂ થાય તેમ છે.

જો વરસાદનું પ્રમાણ વધે તો પિલાણ સિઝનને અસર થશે તેવી શક્યતા વધી છે. હાલમાં સુગર ફેક્ટરીના સંચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. એક તરફ દક્ષિણ ગુજરાતની તમામ સુગર ફેક્ટરીએ શેરડી કાપણી માટે મજુરો બોલાવી લીધા છે તો બીજી તરફ કમોસમી વરસાદ શરૂ થતાં દક્ષિણ ગુજરાતમાં ખેડૂતો તેમજ સુગર ફેક્ટરીના સંચાલકોને મોટી તકલીફ ઊભી થઈ રહી છે.ઘણી સુગર ફેક્ટરી એ કાપણી ચાલુ કરી હતી તે પણ મુશ્કેલી ના સામનો કરી રહ્યા છે.

ત્રીજા વર્ષે પણ શેરડી પિલાણ સમયે ત્રાટક્યું વરસાદી વિઘ્ન : સુગર, ખેડૂત, મજૂરો બધા જ અટવાયા વર્ષ ૨૦૨૩ (નવેમ્બર) : ૨૦૨૩ માં, ઓક્ટોબર માસ પ્રમાણમાં સારો રહ્યો હતો, પરંતુ સુગર સીઝન શરૂ થતાં જ નવેમ્બર મહિનામાં ભારે કમોસમી વરસાદ (માવઠું) ત્રાટક્યે હતું.

અસર : ખાસ કરીને સુરત જિલ્લામાં માવઠાને કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતાં શેરડીની કાપણી ઠપ્પ થઈ હતી.

ફેક્ટરી પર અસર : જે ફેક્ટરીઓએ પિલાણ શરૂ કરી દીધું હતું અથવા કરવાની તૈયારીમાં હતી, તેમને શેરડીનો જથ્થો મળતો બંધ થઈ ગયો. આના કારણે ફેક્ટરીઓએ પિલાણ બંધ કરવાની ફરજ પડી હતી. આનાથી ખેડૂતો, મજૂરો અને ફેક્ટરી ત્રણેયને અસર થઈ હતી. વર્ષ ૨૦૨૪ (ઓક્ટોબર) : આ વર્ષે દક્ષિણ ગુજરાતમાં ઓક્ટોબર માસમાં પાછોતરા વરસાદે 'લીલા દુકાળ' જેવી સ્થિતિ સર્જી હતી.

અસર : ઓક્ટોબરના મધ્યમાં લગભગ ૨૦ દિવસ સુધી સતત વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. ફેક્ટરી પર અસર : દક્ષિણ ગુજરાતની ૧૦થી વધુ સુગર મિલો, જે નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરૂ થવાની હતી, તે અટકી ગઈ. શેરડીની કાપણી અશક્ય બનતા ફેક્ટરીઓ ૧૫ દિવસથી મહિનો મોડી શરૂ થઈ.

નુકસાન : નવા શેરડીના રોપાણને પણ ૩૦% જેટલું નુકસાન થયું હોવાના અહેવાલ હતા. આ નુકસાન માટે સરકારે પાછળથી જુલાઈ ૨૦૨૫માં રાહત પેકેજ પણ જાહેર કર્યું હતું.

: ખેતરોમાં પાણી ભરાઈ જવાને કારણે શેરડીની કાપણી અટકી જાય છે. આનાથી સુગર ફેક્ટરીઓને સમયસર શેરડીનો જથ્થો મળતો નથી, જેથી પિલાણ સીઝન ૧૫ દિવસથી એક મહિના સુધી મોડી શરૂ કરવી પડે છે.

૨. સુગર રિકવરીમાં ઘટાડો : જ્યારે તૈયાર શેરડીના પાકને વરસાદનું પાણી મળે છે, ત્યારે શેરડી પાણી શોષી લે છે. જેથી શેરડીમાં ખાંડનું પ્રમાણ (સુક્રોઝ કન્ટેન્ટ) ઘટી જાય છે, જેને 'સુગર રિકવરી' કહે છે. ઓછી રિકવરીથી ફેક્ટરીને ખાંડના ઉત્પાદનમાં નુકસાન થાય છે.

૩. પાકને નુકસાન : ભારે પવન સાથેનો વરસાદ ઉભો પાક જમીન પર પાડી દે છે, જેનાથી પાકને ભારે નુકસાન થાય છે.

૪. નવા રોપાણને જોખમ : આ સમયગાળામાં થયેલું નવું શેરડીનું રોપાણ (રોપાણ) પણ નિષ્ફળ જવાની ભીતિ રહે છે. અને નુકસાની ભોગવવાની નોબત આવે છે.




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાન્સપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ– ૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## વાલોડ એસટી કંટ્રોલ પોઈન્ટ બંધ થતાં પાસ ગ્રાહકોમાં ભભુકતો રોષ

# લોકોના હિતમાં બંધકંટ્રોલ રૂમ ઝડપથી શરૂ કરવાની માગ




તાપી જિલ્લાના વાલોડ તાલુકાના મુખ્ય મથકે આવેલ એસટી કંટ્રોલ પોઈન્ટ બંધ રહેતાં સ્થાનિક દૈનિક પેસેન્જરમાં ડેઈલી પાસ નહીં નીકળતાં લોકોમાં ભભુકતો રોષ જોવા મળ્યો છે અને તાત્કાલિક અસરથી ચાલુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

ઘટના સ્થળેથી મળતી માહિતી મુજબ બારડોલી ડેપો સંચાલિત વાલોડના મુખ્ય મથકે એસટી કંટ્રોલ પોઈન્ટ આવેલું છે. આ કન્ટ્રોલ પોઈન્ટ પરથી સુરત બારડોલી સોનગઢ વલસાડ ડેપોની બસો અવરજવર કરે છે. જેનું સંચાલન અહીંથી કરવામાં આવે છે. પરંતુ છેલ્લાં એક અઠવાડિયાથી એસટી કંટ્રોલ પોઈન્ટ બંધ રહેતાં એસટી બસમાં મુસાફરી કરતા ડેઈલી મુસાફરી કરતા પેસેન્જરોએ એસટી પાસ કઢાવવા માટે આવતાં કંટ્રોલ પોઈન્ટ બંધ રહેતાં ધક્કા ખાવાનો વારો આવ્યો છે.વાલોડનું એસટી કંટ્રોલ પોઈન્ટ દિવાળીનાં દિવસથી બંધ રહેતાં સ્થાનિક મુસાફરો એસટી કંટ્રોલ પોઈન્ટ બંધ રહેતાં સ્થાનિક લોકોમાં ભભુકતો રોષ ફેલાયો છે. કંટ્રોલ પોઈન્ટ પર પાસ કઢાવવા માટે આવતાં મુસાફરોએ વિલે મોઢે પરત થવાની નોબત આવી છે જેને પગલે સ્થાનિક એસટી મુસાફરી કરતા પેસેન્જરોમાં આક્રોશ જોવા મળ્યો છે. હાલમાં દિવાળી વેકેશન પુરૂ થઈ જતાં સુરત બારડોલી તરફની દૈનિક અપડાઉન કરતાં પેસેન્જરને એસટી પાસની ખાસ જરૂરિયાત હોય છે અને એવા સમયે જ એસટી કંટ્રોલ પોઈન્ટ બંધ રહેતાં સ્થાનિક લોકોમાં ભભુકતો રોષ ફેલાયો છે અને તાત્કાલિક અસરથી ચાલુ કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે.

## સતત વરસાદથી ડાંગર તબાહ, ખેડૂતોની મહેનત પર પાણી ફેરવાયું

### સુરત-તાપી જિલ્લામાં ડાંગરની કાપણી સમયે વરસાદ ખાબકતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો, ઓલપાડમાં જ ૧૯ હજાર હેક્ટરથી વધુના પાક પર સંકટ



સુરત અને તાપી જિલ્લામાં ઓક્ટોબર માસ ચોમાસું ડાંગર કાપણી નો સમયગાળો હોય ત્યારે હવામાન વિભાગની યલો એલર્ટ સાથે ત્રણ દિવસ વરસાદ થવાની આગાહી સાથે શનિવાર બપોર બાદથી શરૂ થયેલા વરસાદે રવિવારની સાંજે જોર પકડતા કાપણી થયેલ ડાંગર મંડળીઓમાં ભરાવવા દોડતા થવા સાથે પાકને બચાવવા ની મહા મહેનત છતા પાક પલળી જવાનું નોધાયું છે. ડાંગર એ ઓલપાડ તાલુકાના ખેડૂતોનો મુખ્ય પાક હોય ઉનાળુ સાથેજ ચોમાસું ડાંગરની મોટા પાથે ખેતી કરતા આવ્યા છે. છેલ્લા પાંચેક વર્ષની ડાંગરની ચોમાસું સિઝન પર એક નજર કરીએ તો કાપણી નો ઓક્ટોબર માસના બીજા અથવા અંતિમ સપ્તાહમાં ભારે વરસાદ થવાનું નોધાયું છે. ખેડૂતો આફત લઈને આવે છે. ત્યારે ચાલુ સીઝનમાં પણ આવી જ પરિસ્થિતિ સર્જાઈ છે.

ચોમાસું ડાંગર કાપણી હાથ ધરી ત્યાં જ વાતાવરણ પલટાયું અને ત્રણ દિવસ વરસાદ થવાની હવામાન વિભાગે આગાહી કરવા સાથે શનિવારની સાંજથી ઓલપાડ તાલુકામાં વરસાદ શરૂ થતાં રવિવારની સાંજે પણ ભારે વરસાદ થતા કાપણી થયેલ ડાંગરનો પાક પલળી જતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા. હવામાન વિભાગની આગાહી સાથે ડાંગરનો પાક બચાવી લેવા મંડળીમાં ભળવા માટે પહોચ્યા ત્યાં મંડળીઓએ જગ્યા ન હોવાનું જણાવી ખેડૂતોને પોતાના ઘરે પાક સાચવવાનું કહેતા વધુ મુશ્કેલી ઉભી થઈ.

સતત બે દિવસથી થઈ રહેલા વરસાદને કારણે ડાંગરનો પાક પલળી જતા ખેડૂતોને મો એ આવેલો કોળિયો છીનવાઈ જાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. નોધનીય બાબત મુજબ તાલુકામાં ૧૯ ભિાત. હજાર હેક્ટરથી વધુ માં ચોમાસું ડાંગરનો પાક તૈયાર સાથે કાપણી સમયે ભારે વરસાદે મોટી નુકસાની કરી છે.




## ગુજરાત સ્ટોન ક્વોરી એસો.ના પ્રમુખ હિતેન્દ્ર ઉપાધ્યાયનું નિધન



વ્યારા- ૨૩ ઓક્ટોબર ના રોજ તાપી જિલ્લાનો ઉદ્યોગ ક્ષેત્ર શોકમગ્ન બની ગયો છે. ગુજરાત સ્ટોન ક્વોરી એસોસિએશનના પ્રમુખ અને તાપી વિસ્તારના પ્રખ્યાત ઉદ્યોગપતિ હિતેન્દ્રભાઈ શિવપ્રસાદ ઉપાધ્યાય (કાળુ કારપેટ) નું ટૂંકી બીમારી બાદ નિધન થયું હતું. તેઓ છેલ્લા કેટલાક સમયથી અસ્વસ્થ હતા અને ઉપચાર દરમિયાન તેમનું અવસાન થયું. તેમના નિધન થી રાજય ક્વોરી ઉદ્યોગજગતમાં શોકની ડોલવણ લાગણી વ્યાપી છે. વ્યારા ના રહીશ એવા હિતેન્દ્રભાઈ ઉપાધ્યાયે વિસ્તારમાં કાર્પેટ ઉદ્યોગ અને સ્ટોન ક્વોરી ક્ષેત્રે નવી દિશા આપવાની કામગીરી કરી હતી. તેમણે સ્થાનિક લોકોને રોજગાર મળે અને ઉદ્યોગો ટકાઉ રીતે વિકસે તે માટે સતત પ્રયત્નો કર્યા હતા. ક્વોરી ઉદ્યોગના પ્રશ્નોને તેમણે અનેક વખત રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગોમાં રજૂ કરી ઉકેલ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની નેતૃત્વ ક્ષમતાને કારણે તેઓ તાપી જિલ્લાના ઉદ્યોગમંડળમાં આગવું સ્થાન ધરાવતા હતા.

## વ્યારા સુગરમાં ત્રણ લાખ ટન શેરડીના લક્ષ્ય સાથે નવા પિલાણ વર્ષનો આરંભ

તાપી જિલ્લાની આદિવાસી સભાસદ ધરાવતી એકમાત્ર ખાંડ ઉત્પાદન સંસ્થા, શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.ખુશાલપુરા (વ્યારા સુગર) ખાતે લાભ પાંચમ ના દિવસે શેરડી પિલાણ શુભારંભ કાર્યક્રમ ૨૦૨૫-૨૬ યોજાયો હતો. વરસાદી માહોલ વચ્ચે પણ ઉત્સાહભેર આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમનો પ્રારંભસંસ્થાનાં મેનેજિંગ ડિરેક્ટર રવિન્દ્રસિંહ ચૌહાણનાં હસ્તે પુર્ણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાનાં પ્રમુખ માનસિંહભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે સંસ્થાનાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધિત કરતાં જણાવ્યું કે આ વર્ષ પિલાણ સિઝન માટે લક્ષ્યાંક ઊંચો રાખવામાં આવ્યો છે અને સંસ્થા ત્રણ લાખ મેટ્રિક ટનથી વધુ શેરડી પિલાણ કરવાનો વિશ્વાસ ધરાવે છે. તેમણે સુવ્યવસ્થિત આયોજન, સમયસર કાપણી અને વાહન વ્યવસ્થા માટે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું. હાલ શેરડીની કાપણી અને વાહન વ્યવસ્થા શરૂ થઈ ગઈ છે. ફેક્ટરીના પરિસરમાં અનેક શેરડી ભરેલા વાહનો જોવા મળ્યા હતા, જે ખેડૂતોના ઉત્સાહ અને તૈયારીનું પ્રતિબિંબ છે. આવનારા દિવસોમાં વરસાદી પરિસ્થિતિ પિલાણ પ્રક્રિયાને કેટલું પ્રભાવિત કરશે તે જોવાનું રહેશે, પરંતુ હાલના સંકેતો મુજબ ખેડૂત વર્ગ અને સંસ્થા બંનેમાં ઉત્સાહનો માહોલ છે.આ પ્રસંગે કસ્ટોડીયન કમિટી સભ્ય પ્રજ્ઞેષભાઈ ગામીત સહિત મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો, ગ્રામપ્રતિનિધિઓ તથા ફેક્ટરીના કર્મચારીઓ હાજર રહ્યાં હતા.વ્યારા સુગર ફેક્ટરી તાપી જિલ્લાના આર્થિક અને કૃષિ જીવનની જીવાદોરી સમાન છે,અને આ વર્ષે સારો ઉત્પાદન તથા ખેડૂતોને યોગ્ય ભાવ મળે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.













ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).